–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં Ekam Eco Solutions કંપની દ્વારા ડફનાળા શાહીબાગ ખાતેથી સાબરમતી રિવરફ્રન્ટ (પુર્વ) માં પ્રવેશતા સરદાર પટેલ સ્મારકની પાછળના ભાગે સેનીટેશન માટે STP નું ઇન્સ્ટોલેશન કરવાનું હોવાથી રાત્રી દરમિયાન રિવરફ્રન્ટમાં ટ્રકમાં STP લાવવા અને તે STP ને ક્રેન મારફતે રાત્રી દરમિયાન ઉતારવા સારુ ૨ થી ૩ કલાક સુધી ટ્રક રિવરફ્રન્ટમાં ઉભી રાખવા સારુ અત્રેથી મંજુરીની માંગણી કરેલ છે.

જેથી ડફનાળા શાહીબાગ ખાતેથી સાબરમતી રિવરફ્રન્ટ (પુર્વ) માં પ્રવેશતો માર્ગ સરદાર પટેલ સ્મારકની પાછળના ભાગ સુધીનો આજરોજ **તા.૩/૩/૨૦૨૬ ના કલાક ૨૩.૦૦ થી તા.૪/૩/૨૦૨૬ ના કલાક ૦૫.૦૦ સુધી** વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેનાર છે. આ STP વધુ વજન ધરાવતું અને મોટી સાઇઝમાં હોવાથી ક્રેઇન ઇન્સ્ટોલ કરતી વખતે કોઇ જાનહાનિ કે બનાવ બનવા ન પામે તે માટે સદરહું જગ્યાનો માર્ગ ટ્રાફિક માટે ડાયવર્ટ કરવામાં આવનાર છે. STP ઉતારવાનું કામકાજ પુર્ણ થયેથી ટ્રાફિક રાબેતા મુજબ કરવામાં આવનાર છે.

જેથી નાગરિકોએ ઉક્ત તારીખ અને સમય મુજબ શાહીબાગ અંડરબ્રિજ,ઘેવર સર્કલ,રાજસ્થાન હોસ્પીટલ રોડ થઇને વૈકલ્પિક માર્ગ પરથી અવર–જવર કરવા વિનંતી છે. જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૩/૩/૨૦૨૬

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર